ડોનાલ્ડ અને ચાલવાવાળી માછલી

એડવર્ડ રિક્કીયુટી

ચિત્ર: સિડ હોફ





ડોનાલ્ડ અને ચાલવાવાળી માછલી

એડવર્ડ રિક્કીયુટી


ચિત્ર: સિડ હોફ





ડોનાલ્ડનો કૂતરો ઘરની બહાર ભસી રહ્યો હતો.

"જો મારો કૂતરો સેમ એ બિલાડી પર ફરીથી ભસ્યો,“ ડોનાલ્ડે વિચાર્યું, "તો અમે બંને મુશ્કેલીમાં મુકાશું."



ડોનાલ્ડ સેમ પાસે દોડીને ગયો.

સેમ બિલાડી પર ભસી રહ્યો ન હતો.

એ એક માછલી પર ભસી રહ્યો હતો.

એ માછલી ચાલી રહી હતી.

એ લોન (ઘાસવાળી જમીન) પર

ચાલીને એને પાર કરી રહી હતી.



"વાહ!" ડોનાલ્ડે કહ્યું.

માછલી ગુલાબી હતી.

એની આંખો ચમકદાર હતી.

એ કોઈ ચમકદાર પથ્થર જેવી હતી.



"જરા સાવધાન રહે, સેમ!" ડોનાલ્ડે કહ્યું.

"એ માછલી ખતરનાક હોઈ શકે છે."



પણ એ માછલી એમ જ ચાલતી રહી.

એ એક ખાડા તરફ ગઈ,

અને પાણીમાં કૂદી ગઈ.

"ડરામણી!" ડોનાલ્ડે કહ્યું.



રાતના ભોજન સમયે ડોનાલ્ડે કહ્યું,

"મેં આપણા પાછળના વાડામાં એક માછલી

જોઈ.

એ ચાલી રહી હતી!"

"જો ડોનાલ્ડ," એની માઁ એ કહ્યું,

"માછલીઓ ચાલતી નથી.

એ પાણીમાં તરે છે."



બીજે દિવસે સવારે ડોનાલ્ડ એના

મિત્રો લેની અને જોનાથનને મળ્યો.

"મેં એક ચાલતી માછલી જોઈ,"

ડોનાલ્ડે કહ્યું.



"નહીં," જોનાથને કહ્યું,

"મને લાગે છે કે તેં એક દેડકાને જોયો હશે."

"મને લાગે છે કે એ એક સાયરન હતી,"

લેનીએ કહ્યું.



"વાહિયાત વાત ન કર," ડોનાલ્ડે કહ્યું.

"પોલીસની ગાડીમાં સાયરન હોય છે."

"એનાથી ચોખ્ખી ખબર પડે છે કે

તું કેટલું જાણે છે," લેનીએ કહ્યું.



"થોડા પ્રકારની સાલામાન્ડર (માછલી) ને

સાયરન કહેવાય છે," એણે કહ્યું.

"એ માછલીની જેમ લાંબી અને પાતળી હોય છે."

"ઓહ," ડોનાલ્ડે કહ્યું. "અચ્છા, તું એ સાયરનની

વાત કરી રહ્યો હતો."



"બધા જાણે છે કે એ શું છે.

પણ મેં એક માછલી જોઈ

જે ચાલી રહી હતી," એણે કહ્યું.



લેની હસી પડયો.

"અને મેં એક ઉડતા મગરમચ્છને જોયો!"

એણે મજાક કરતા કહ્યું.



પછી, ડોનાલ્ડ ખાડા તરફ ગયો.

એણે માછલી પકડવાના ગલ પર એક

જીવડું લગાવ્યું. ડોનાલ્ડને જીવડાં

માટે દુઃખ થતું હતું.



પણ લેની અને જોનાથનને દેખાડવા માટે

ડોનાલ્ડને એ ચાલવાવાળી માછલી પકડવી જ હતી.

"અરે, આખરે મેં કંઈક પકડયું!" ડોનાલ્ડે બૂમ પાડી.

એણે ગુલાબી માછલીને ઉપર ખેંચી.



પણ એ માછલી હૂકમાંથી છટકીને
પાછી પાણીમાં જતી રહી.



"એ ભાગી ગઈ!" ડોનાલ્ડે ચીસ પાડી.





એ સાંજે, ડોનાલ્ડના પિતાએ કહ્યું,

"થોડી અજબ નવી માછલીઓ અહીં

દક્ષિણ ફ્લોરિડામાં રહે છે.

એ કેટફિશ છે, જે જમીન પર ચાલી શકે છે."



"એને જ તો મેં જોઈ હતી," ડોનાલ્ડે કહ્યું.

"બિચારો ડોનાલ્ડ!" એની માઁ એ કહ્યું.

"તે સાચે એક ચાલતી માછલી જોઈ.

અને અમે તારા પર વિશ્વાસ ન કર્યો."





બીજે દિવસે,

ડોનાલ્ડ, લેની અને જોનાથન

ખાડા પાસે પાછા ગયા.

એમણે મિસ્ટર વોલ્ટરને જોયા.

મિસ્ટર વોલ્ટર, ડોનાલ્ડના ઘર પાસે

એક પ્રયોગશાળામાં કામ કરતા હતા.

મિસ્ટર વોલ્ટરની જાળમાં

એક માછલી તરફડી રહી હતી.

એની આંખો ચમકદાર હતી.




"અરે!" ડોનાલ્ડે કહ્યું,

"આ તો એજ ચાલવાવાળી કેટફિશ છે."

"સાવ સાચું," મિસ્ટર વોલ્ટરે કહ્યું.

"હવે એ બધી બાજુ ફેલાઈ ગઈ છે."





ડોનાલ્ડે લેનીની પાંસળીમાં કોણી મારી.

"સાઇરન!" ડોનાલ્ડે કહ્યું.

"આ કોઈ મજાક નથી," મિસ્ટર વોલ્ટરે કહ્યું.



"ચાલવાવાળી કેટફિશ હકીકતમાં ઉપદ્રવી હોય છે.

અમે એનાથી છુટકારો મેળવવા ઇચ્છીયે છીએ.

એ અહીંની નથી."

"કેટફિશ સ્થાનીય નથી?" ડોનાલ્ડે પૂછ્યું.

"સાવ સાચું," મિસ્ટર વોલ્ટરે કહ્યું.

"ચાલવાવાળી કેટફિશનું અસલી ઘર

અહીંથી બહુ દૂર એશિયામાં છે."


"તો એ અહીં કેવી રીતે આવી?" જોનાથને પૂછ્યું.

"લોકો કેટફિશને પોતાના માછલીઘરમાં

પાળવા માટે અહીં લાવ્યા," મિસ્ટર વોલ્ટરે કહ્યું.

"પણ કેટફિશ ત્યાંથી ભાગીને

બધી જગ્યાએ ફેલાઈ ગઈ."





"એ કેવી રીતે ફેલાઈ?" ડોનાલ્ડે પૂછ્યું.

"એ ચાલીને અહીંયા થી ત્યાં ગઈ," મિસ્ટર વોલ્ટરે કહ્યું.

"પછી એ એક તળાવથી બીજા તળાવ સુધી ચાલીને ગઈ."

મિસ્ટર વોલ્ટરે આગળ કહ્યું,

"કેટફિશ હવામાં શ્વાસ લેય છે,

એટલે એ લાંબા સમય સુધી

પાણીની બહાર રહી શકે છે.

એ ઘણા ઈંડા પણ મૂકે છે.


થોડા સમયમાં કોઈ અન્ય માછલીની તૂલનામાં,

કેટફિશની સંખ્યા વધારે થઈ શકે છે."

"પણ એમાં ખોટું શું છે," ડોનાલ્ડે પૂછ્યું.

"મેં એક કેટફિશ પકડી હતી.

એ મજેદાર જીવ હોય છે."



"કેટફિશના આવવા પહેલા,"

મિસ્ટર વોલ્ટરે કહ્યું, "અહીં રહેવાવાળી

બધી માછલીઓ માટે ભરપૂર ભોજન

હતું.

પણ હવે, કેટફિશ બહુ ખાવાનું ખાઈ

જાય છે.

એ બીજી માછલીઓને બહાર કાઢી રહી

છે."

"જો આ ચાલુ રહે તો

કેવળ કેટફિશ જ બચશે," એણે કહ્યું.

"મને લાગે છે કે ઘણા પ્રકારની માછલીઓ

હોવી વધારે સારું છે," ડોનાલ્ડે કહ્યું.

"ફક્ત એક પ્રકારની નહીં."

"તું સાવ સાચું કહી રહ્યો છે,"

મિસ્ટર વોલ્ટરે કહ્યું.

"ચાલવાવાળી કેટફિશ અહીં માટે લાયક

નથી."

લેનીએ એનું મોઢું મચકોડયું.

"જે કોઈ પણ અહીં કેટફિશ લાવ્યું," એણે

કહ્યું, "એ બહુ મૂર્ખ હશે."

"કદાચ," મિસ્ટર વોલ્ટરે કહ્યું.

"એને ખબર નહીં હોય કે કેટફિશ

આવી રીતે ભાગીને ફેલાશે.

પણ જયારે લોકો જાનવરોને

એવા સ્થાનો પર રાખે છે જ્યાંના એ નથી

હોતા, ત્યારે કંઈક ખરાબ થઈ શકે છે.

કેટફિશ સમગ્ર રાજ્યમાં ફેલાઈ શકે છે."







"પણ કેટફિશને ઠંડી પસંદ નથી,"

મિસ્ટર વોલ્ટરે કહ્યું.

"આપણે આશા કરીયે કે એને

અટકાવવા જેટલું હવામાન ઠંડુ થઈ જાય."

"મને હજી પણ સાચું નથી લાગતું કે કોઈ

માછલી ચાલી શકે છે," લેનીએ કહ્યું.



મિસ્ટર વોલ્ટરે કેટફિશને

જમીન પર રાખી દીધી.



કેટફિશે એની પૂંછડી ઘુમાવી,


એણે જમીનને ધક્કો માર્યો.

પછી એણે પોતાને આગળની પાંખથી ખેંચી.

"આ એક ઉત્કૃષ્ટ માછલી લાગે છે," ડોનાલ્ડે

કહ્યું.

"એ ડરામણી પણ છે," લેનીએ કહ્યું.





એ રાતે, ડોનાલ્ડ અને એના પિતા

એક રેસ્ટોરન્ટમાં જમવા બહાર ગયા.

ડોનાલ્ડે એક મોટું બર્ગર ખાધું.




ઘરે પાછા ફરતા ડોનાલ્ડના પિતાએ

ગાડીને ઉભી રાખી અને બારીની બહાર

જોયું.

"મને માન્યામાં નથી આવતું," એણે કહ્યું.



કેટફિશનું એક મોટું ઝુંડ

રસ્તાને ઓળંગી રહ્યું હતું.

પછી એ રસ્તાની બીજી બાજુના

ઘાસમાં ઘુસી ગયું.





"આ કેટફિશનું આક્રમણ છે!" ડોનાલ્ડે ચીસ પાડી.

"એ બધી જગ્યાએ કબ્જો કરી રહી છે."

"થોડી શાંતિથી કામ લે, ડોનાલ્ડ,"

એના પિતાએ કહ્યું.

"પણ કેટફિશ બીજી માછલીઓને

બહાર કરી રહી છે," ડોનાલ્ડે કહ્યું.

"થોડા સમયમાં એ ચાલવાવાળી કેટફિશ

સિવાય બીજું કંઈ બચશે નહીં!" એણે ચીસ

પાડી.





ઘણો સમય વીતી ગયો.

ડોનાલ્ડને હવે ચાલતી કેટફિશ

જોવાની આદત પડી ગઈ હતી.

હવે એ કેટફિશ બધી જગ્યાએ હતી.

ડોનાલ્ડ જયારે માછલી પકડવા

ગયો

તો એ કેટફિશ પકડી-પકડીને

સાવ થાકી ગયો.

ત્યાં એક દિવસ એની માઁ એ કહ્યું,

"ડોનાલ્ડ, આજે રાતે તું ધાબળો ઓઢજે."

"કેમ, માઁ?" એણે પૂછ્યું.

"બહાર તો ઘણું ગરમ છે."

"સમાચારપત્રોના કહેવા પ્રમાણે આજે

રાતે આપણે ત્યાં હિમ પડશે," માઁ એ કહ્યું.

"ક્યારેક અહીં દક્ષિણ ફ્લોરિડામાં પણ

ઘણી ઠંડી પડે છે," માઁ એ કહ્યું.



જયારે રાત પડી તો ડોનાલ્ડ ઠંડી

હવામાં, એનો શ્વાસ જોઈ શક્યો.



બીજે દિવસે સવારે ડોનાલ્ડ બહાર ગયો.

એણે ખાડાના કિનારે કોઈને જોયો.

એ મિસ્ટર વોલ્ટર હતા.



એ એની જાળમાં માછલી પકડી રહ્યા હતા.

એ માછલીઓ કેટફિશ હતી, અને એ મરેલી હતી.





"ઠંડીએ ઘણી ચાલવાવાળી કેટફિશને

મારી નાખી," મિસ્ટર વોલ્ટરે કહ્યું.

"એ ઘણી ખરાબ વાત છે કે બધી કેટફિશ મરી

જાય એ માટે સરખી ઠંડી નહીં પડે," એમણે

કહ્યું.

"પણ હવે આપણે જાણીયે છીએ

કે કેટફિશ બધે નહીં ફેલાય."

"તો આ કેટફિશના

આક્રમણનો અંત છે," ડોનાલ્ડે કહ્યું.

"એ બરાબર છે," મિસ્ટર વોલ્ટરે કહ્યું,

"સિવાય કે કેટફિશ ધીરે-ધીરે

ઠંડીથી ટેવાય ન જાય."



સૂર્યનો પ્રકાશ દિવસને ગરમ કરવા

લાગ્યો હતો.

એક કાચબો પાણીમાંથી બહાર

નીકળીને, એક ઝાડના થડ પર ચઢી

રહ્યો હતો.

એક જીવડું પાણીમાં તરી રહ્યું હતું,

એક નાની માછલી એને ખાઈ ગઈ.



એના આંખના ખૂણામાંથી ડોનાલ્ડે બીજું કંઈક

જોયું.


એક ગુલાબી માછલી

એની મૂછો અને

ચમકદાર આંખો સાથે

સરકતી ચાલી રહી હતી.

ખાડા તરફ!



અને પછી એ પાણીમાં ગરક થઈ ગઈ!

લેખકની નોંધ

ચાલવાવાળી કેટફિશનું વૈજ્ઞાનિક નામ "કલારિયાસ બત્રાચસ" છે. એ દક્ષિણપૂર્વ એશિયાથી આવે છે, જ્યાંનું વાતાવરણ ગરમ હોય છે. ઘણા વર્ષો સુધી અમેરિકામાં લોકોએ એને માછલીઘરમાં પાળેલા જાનવર તરીકે રાખી. પછી ફ્લોરિડાના એક માછલી ઉછેર કેન્દ્રમાંથી થોડી કેટફિશ પલાયન થઈ ગઈ. એ દક્ષિણી ફ્લોરિડામાં ફેલાઈ ગઈ. વૈજ્ઞાનિકોને એના વિષે માર્ચ 1967 માં ખબર પડી, જયારે એક કેટફિશને એક માછીમારે એની જાળમાં પકડી. બીજી કેટફિશ, દક્ષિણ ફ્લોરિડાની પાણીવાળી ખાઈઓમાં થઈને ચાલીને અને તરીને દૂર-દૂર સુધી ફેલાણી. કેટફિશના મોટી સંખ્યામાં બચ્ચા થયા. થોડા સમયમાં એટલી બધી ચાલતી કેટફિશ થઈ ગઈ કે એણે પ્રકૃતિના સંતુલનને ખોરવી નાખ્યું. આખરે ઠંડા હવામાનને લીધે એમાંથી ઘણી મરી ગઈ. ચાલવાવાળી કેટફિશ લગભગ બે ફીટ લાંબી હોય છે. એ હવામાં શ્વાસ લઈ શકે છે. એના કાંટા ઝેરીલા હોય છે.